નાથ શ્રદ્ધાનાં પારખાં લેતો, ને તોય શક્તિ દીધાં કરે; ધૂળમાંથી કનક કરી દેતો, અજબ તારી લીલા ખરે, મારે માથે હજાર હાથવાળો

**રાજ્યમાં વધુ ૧૪૨૯૬ નવા કેસ : ગાંધીનગરમાં ૨૯૦ : અમદાવાદમાં ૫૮૬૪**


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૪૫ | ૨૬ એપ્રિલ, ૨૦૨૧, સોમવાર; ચૈત્ર સુદ - ૧૪ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# કોરોના ધૈર્ય, કષ્ટ સહન કરવાની મર્યાદાની પરીક્ષા લે છે : મોદી

## હાલ આપણે આ લડતને જીતવા માટે એક્સપર્ટ્સ અને વૈજ્ઞાનિક સલાહને પ્રાથમિકતા આપવાની છે : રસી મુકવવા તમામ લોકોને મોદીની અપીલ

નવી દિલ્હી, તા. ૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રેડિયો કાર્યક્રમ મન કી બાત દ્વારા દેશને સંબોધન કર્યું. મન કી બાતની આ ૭૬મી શ્રેણી હતી. સંબોધનની શરૂઆતમાં તેમણે કહ્યું



કે આજે તમારી સાથે મન કી બાત એક એવા સમયે કરી રહ્યો છું જ્યારે કોરોના આપણા બધાના ધૈર્ય, દુઃખ સહન કરવાની સીમાની પરીક્ષા લઈ રહ્યો છે. આપણા પોતાના, આપણને કસમયે છોડીને જતા રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે હાલ કોરોના વિરુદ્ધ દેશના ડોક્ટર અને હેલ્થ વર્કર્સ ખુબ મોટી લડત લડી રહ્યા છે. છેલ્લા એક વર્ષમાં તેમને આ બીમારી અંગે દરેક પ્રકારના અનુભવ પણ થયા છે. પીએમ મોદીએ કહ્યું કે હાલ આપણે આ લડતને જીતવા માટે એક્સપર્ટ્સ અને વૈજ્ઞાનિક સલાહને પ્રાથમિકતા આપવાની છે. રાજ્ય સરકારના પ્રયત્નોને આગળ વધારવામાં ભારત સરકાર સંપૂર્ણ તાકાતથી લાગી છે. રાજ્ય સરકારો પણ પોતાની જવાબદારી નિભાવવાની કોશિશ કરી રહી છે. હાલના દિવસોમાં આ સંકટમાંથી બહાર આવવા માટે મારી અલગ અલગ સેક્ટર્સના એક્સપર્ટ સાથે, વિશેષજ્ઞો સાથે લાંબી ચર્ચા થઈ છે. આપણી ફાર્મા ઈન્ડસ્ટ્રી હોય કે વેક્સીન મેન્યુફેક્ચર્સ હોય, ઓક્સિજન પ્રોડક્શન સાથે સંકળાયેલા લોકો હોય કે પછી મેડિકલ ફિલ્ડના જાણકાર હોય તેમણે સરકારને મહત્વપૂર્ણ સૂચનો આપ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે કોરોનાની પહેલી લહેરનો સફળતાપૂર્વક સામનો કર્યા બાદ દેશ જુસ્સાથી ભરેલો હતો. આત્મવિશ્વાસથી ભરેલો હતો. પરંતુ આ તોફાને દેશને હચમચાવી નાખ્યો છે. કાર્યક્રમમાં મુંબઈથી પ્રસિદ્ધ ડોક્ટર શશાંક જોશી જોડાયા હતા જેમણે કોરોના પર ખુબ મહત્વની જાણકારી આપી. કોરોના વિશે જણાવતા તેમણે કહ્યું કે આ જે બીજી લહેર આવી છે તે ખુબ ઝડપથી આવી છે. પહેલી લહેર કરતા આ વાયરસ વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે. પરંતુ સારી વાત એ છે કે તેનાથી વધુ ગતિથી રિકવરી પણ થઈ રહી છે અને મૃત્યુદર પણ ઘણો ઓછો છે. ડો.શશાંક જોશીએ કહ્યું કે તેમાં બે-ત્રણ ફરક છે. પહેલો તો એ કે તે યુવાઓ અને બાળકોમાં પણ થોડો જોવા મળી રહ્યો છે. તેના જે લક્ષણ છે, પહેલા જેવા લક્ષણ જેમ કે શ્વાસ ચડવો, સૂકી ઉધરસ આવવી, તાવ આવવો આ બધા તો છે જ પરંતુ સાથે સાથે સૂંઘવાની શક્તિ જવી, સ્વાદ જવો વગેરે પણ છે. લોકો થોડા ભયભીત પણ છે. ભયભીત થવાની જરાય જરૂર નથી. ૮૦-૯૦ ટકા લોકોમાં કોઈ પણ લક્ષણ જોવા મળતા નથી. આ મ્યુટેન્ટ-મ્યુટેન્ટ જે બોલે છે તેનાથી ગભરાવવાની જરૂર નથી. તે મ્યુટેન્ટ થતા રહે છે. જે રીતે આપણે કપડાં બદલતા રહીએ છીએ તે જ રીતે વાયરસ પણ પોતાનો રંગ બદલે છે. આથી બિલકુલ ડરવાની જરૂર નથી અને આ લહેર પણ આપણે પાર કરી લઈશું. તેમણે કહ્યું કે લહેર આવતી જતી રહે છે અને આ વાયરસ પણ આવતો જતો રહે છે. તો આ જ અલગ અલગ લક્ષણ છે અને મેડિકલી આપણે સતર્ક રહેવું જોઈએ. એક ૧૪થી ૨૧ દિવસનું આ કોવિડનું ટાઈમ ટેબલ છે તેમાં વૈદ્ય (ડોક્ટર)ની સલાહ લેવી જોઈએ. કોવિડની ટ્રિટમેન્ટ વિશે બોલતા ડો.શશાંકે કહ્યું કે કોવિડમાં ક્લિનિક ટ્રિટમેન્ટ પ્રોટોકોલ છે જેમાં ત્રણ પ્રકારની તિવ્રતા છે. હળવો કે માઈલ્ડ કોવિડ, મધ્યમ કે મોડરેટ કોવિડ, અને તીવ્ર કોવિડ જેને સિવિયર કોવિડ કહે છે. હળવો કોવિડ છે તેમના માટે અમે ઓક્સિજનનું મોનિટરિંગ કરીએ છીએ, પલ્સનું મોનિટરિંગ કરીએ છીએ, તાવનું મોનિટરિંગ કરીએ છીએ. તાવ વધે તો પેરાસિટામોલ જેવી દવાનો ઉપયોગ કરીએ છીએ અને પોતાના ડોક્ટરનો પણ સંપર્ક કરતા રહેવું જોઈએ. મોડરેટ કોવિડ, કે તીવ્ર કોવિડ હોય તો ડોક્ટરનો સંપર્ક કરવો ખુબ જરૂરી છે. યોગ્ય અને સસ્તી દવાઓ ઉપલબ્ધ છે. જેમાં જીંદ્વિજ જે છે, તે જીવ બચાવી શકે છે, જે ઈનહેલર્સ આપી શકાય છે. અન્ય દવાઓ આપવામાં આવે છે. આ સાથે જ પ્રાણવાયુ જે ઓક્સિજન છે તે આપવો પડે છે. જેને ઓક્સિજનની જરૂર પડે છે તેઓ હોસ્પિટલમાં દાખલ થાય છે.

ડો.શશાંકે કહ્યું કે આપણે રેમડેસિવિર પાછળ બિલકુલ ન ભાગવું જોઈએ. હોસ્પિટલમાં દાખલ જે દર્દીઓને ડોક્ટર ઓક્સિજન લેવા માટે કહે છે તેમણે જ આ સુવિધા લેવી જોઈએ. બાકીના લોકોએ તેનાથી બચવું જોઈએ. તમે જોશો કે ભારતમાં સૌથી સારો રિકવરી રેટ છે. જો તમે યુરોપ, અમેરિકા સાથે સરખામણી કરશો તો આપણા ત્યાંના ટ્રિટમેન્ટ પ્રોટોકોલથી દર્દી જલદી સાજા થઈ રહ્યા છે. આ બાજુ પીએમ મોદીએ કહ્યું કે અનેક ડોકટર્સ સોશિયલ મીડિયા દ્વારા લોકોને જાણકારી આપી રહ્યા છે. તેઓ ફોન, વોટ્સએપ ઉપર પણ લોકોનું કાઉન્સલિંગ કરે છે. અનેક હોસ્પિટલોની વેબસાઈટ છે, જ્યાં કોરોના સંબંધિત અનેક જાણકારીઓ ઉપલબ્ધ છે.

## દેશમાં ૫૫૧ નવા ઓક્સિજન પ્લાન્ટ લગાવાશે : નરેન્દ્ર મોદી

નવી દિલ્હી, તા. ૨૫

દેશમાં કોરોનાનો પ્રકોપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. આજે પણ કોરોનાના નવા ૩.૪૯ લાખથી વધુ નવા દર્દીઓ નોંધાયા. આ દરમિયાન હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. દવાઓ અને ઓક્સિજનની અછત જોવા મળી રહી છે. આ બધા વચ્ચે પીએમ મોદીએ ઓક્સિજનની સમસ્યા પર મોટો નિર્ણય લીધો છે. મળતી માહિતી મુજબ દેશમાં ૫૫૧ નવા ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવશે. આ માટે પીએમ કેયર્સ ફંડમાંથી ગ્રાન્ટ આપવામાં આવશે. કેન્દ્ર સરકારે આ ઓક્સિજન પ્લાન્ટ માટે મંજૂરી આપી દીધી છે. આ પ્લાન્ટ સરકારી હોસ્પિટલોની અંદર લગાવવામાં આવશે. પીએમ મોદી આ પ્લાન્ટને જેમ બને તેમ જલદી કાર્યરત કરવાના આદેશ આપ્યા છે. આ કાર્ય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા હાથ ધરાશે. એક જ દિવસમાં નવા ૩.૪૯ લાખથી વધુ કેસ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના નવા ૩,૪૯,૬૯૧ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૬૯,૬૦,૧૭૨ પર પહોંચ્યો છે. જેમાંથી ૧,૪૦,૮૫,૧૧૦ દર્દીઓ રિકવર થયા છે જ્યારે ૨૬,૮૨,૭૫૧ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાથી ૨૭૬૭ દર્દીઓના મોત થયા છે. કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૯૨,૩૧૧ પર પહોંચ્યો છે. રસીકરણ અભિયાન હેઠળ દેશભરમાં અત્યાર સુધીમાં ૧૪,૦૯,૧૬,૪૧૭ લોકોને રસી આપવામાં આવી છે.

## કોરોના : દિલ્હીમાં એક સપ્તાહ માટે લોકડાઉન લંબાવી દેવાયું

નવી દિલ્હી, તા. ૨૫

રાજધાની દિલ્હીમાં કોરોનાના કારણે હાલાતમાં જરાય સુધારો જોવા મળી રહ્યો નથી જેને પગલે રાજ્ય સરકારે લોકડાઉન એક અઠવાડિયા માટે લંબાવ્યું છે. સીએમ અરવિંદ કેજરીવાલે આ જાહેરાત કરી. તેમણે કહ્યું કે અમે વિચાર કર્યા બાદ આ નિર્ણય લીધો છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કેજરીવાલે કહ્યું કે દિલ્હીમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. આથી દિલ્હીમાં લોકડાઉન લગાવવું જરૂરી થઈ ગયું હતું.

સીએમ કેજરીવાલે કહ્યું કે કોરોનાને પહોંચી વળવા માટે લોકડાઉન અંતિમ હથિયાર છે. જે રીતે કેસ વધી રહ્યા હતાં આ આખરી હથિયારનો ઉપયોગ જરૂરી બની ગયો હતો. હજુ પણ કોરોનાનો પ્રકોપ ચાલુ છે. આથી અમે રાજ્યમાં લોકડાઉન આગળ વધારવાનો નિર્ણય લીધો છે. આ લોકડાઉન ૩જી મે સવારે પાંચ વાગ્યા સુધી આગળ વધારવામાં આવ્યું છે.

અત્રે જણાવવાનું કે દિલ્હીમાં પોઝિટિવિટી રેટ ૩૨ ટકા ઉપર જોવા મળી રહ્યો છે. ઓક્સિજન સંકટ પણ છે. બેડ્સની પણ ભારે અછત છે જેના કારણે હાલ સરકારને લોકડાઉન વધારવા સિવાય બીજો કોઈ રસ્તો જોવા મળી રહ્યો નથી.

## પાર્ટીનું કામ છોડી લોકોની મદદ કરો : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા. ૨૫

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે કોંગ્રેસના તમામ કાર્યકરોને કહ્યું કે સિસ્ટમ નિષ્ફળ ગઈ છે અને તેથી જ તેઓ તમામ રાજકીય પ્રવૃત્તિઓ છોડી દે અને કોરોના વાયરસ સામેના આ યુદ્ધમાં લોકોને મદદ કરે. તેમણે કહ્યું કે, આ સમય લોકોની સુખાકારી વિશે વાત કરવાનો છે. કારણ કે, 'સિસ્ટમ' સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. કેરળના વાયનાડના કોંગ્રેસના સાંસદએ આ ટ્વિટ એવા સમયે કર્યું છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના રેકોર્ડ બ્રેક ૩,૪૯,૬૯૧ નવા કેસ નોંધાયા છે. એટલું જ નહીં, દેશમાં આ વાયરસને કારણે પ્રથમ વખત ૨૭૬૭ લોકોએ જીવ ગુમાવ્યો છે.

રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું, 'સિસ્ટમ નિષ્ફળ છે, તેથી જનહિતની વાત કરવી મહત્વપૂર્ણ છેઃ આ કટોકટીમાં દેશને જવાબદાર નાગરિકોની જરૂર છે. હું મારા કોંગ્રેસના સાથીઓને વિનંતી કરું છું કે, તમામ રાજકીય કાર્ય છોડી દે અને ફક્ત જનતાને મદદ કરે, દેશવાસીઓના દુખને દૂર કરવામાં મદદ કરે. આ કોંગ્રેસ પરિવારનો આ જ ધર્મ છે. આના એક દિવસ પહેલા શનિવારે ચેપના કેસમાં સતત વધારો થવાના કારણે કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ શનિવારે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે પ્રચાર અને બિનજરૂરી પ્રોજેક્ટ્સ પર ખર્ચ કરવાને બદલે, રસી, ઓક્સિજન તથા અન્ય સ્વાસ્થ્ય સેવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

## દેશમાં વિવિધ સ્થળોએ ઓક્સિજન પહોંચાડવા વાયુસેના-રેલવે સજ્જ

નવી દિલ્હી, તા. ૨૫

દેશના અનેક ભાગોમાં ચાલી રહેલા ઓક્સિજન (Oxygen) સંકટ વચ્ચે વાયુસેનાએ હવે મોરચો સંભાળ્યો છે. વાયુસેનાના વિમાનો દેશના અલગ અલગ ભાગોમાં ઓક્સિજન કન્ટેઈનર્સ પહોંચાડી રહ્યા છે. જેથી કરીને સપ્લાયના મિશનમાં તેજી આવી શકે. વાયુસેનાના વિમાનોથી ઓક્સિજન ટેંકર ઉતારવામાં આવી રહ્યા છે. ઓક્સિજન એક્સપ્રેસ દ્વારા એક શહેરથી બીજા શહેરમાં ઓક્સિજન ટેંકર્સ પહોંચાડવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત દેશના ઓક્સિજન પ્લાન્ટમાં દિવસ રાત કામ ચાલુ છે. એટલે કે કોરોના મહામારીના આ સંકટભર્યા સમયમાં દર્દીઓના જીવ બચાવવા માટે જે ઓક્સિજન સિલિન્ડરને સંજીવની માનવામાં આવી રહ્યા છે તેને હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે યુદ્ધ સ્તરે કામ ચાલુ છે. શનિવારે ભારતીય વાયુસેનાનું સૌથી મોટું માલવાહક વિમાન ઝ-૧૭ ગ્લોબમાસ્ટર ગાઝિયાબાદના હિંડન એરબેસ પરથી ૪ ક્રાયોજેનિક ટેંકર લઈને સિંગાપુર પહોંચ્યું અને ત્યારબાદ સિંગાપુરથી માલવાહક વિમાન ઓક્સિજન કન્ટેઈનર્સ લઈને પશ્ચિમ બંગાળના પાનાગઢ એરબેસ પર પાછું આવ્યું. કોરોનાની બીજી લહેર સામે દેશ ઝઝૂમી રહ્યો છે. અનેક હોસ્પિટલોમાં ઓક્સિજનની અછત છે. આવામાં ઓક્સિજનથી હાયતોબા વચ્ચે સેનાએ મોરચો સંભાળેલો છે. આ ઉપરાંત રેલવે પણ ઓક્સિજન એક્સપ્રેસ દોડાવી રહી છે. વિદેશમાંથી ઓક્સિજન ટેંકર્સ એરલિફ્ટ કરાઈ રહી છે. જેથી કરીને લોકોના શ્વાસને બચાવવા પ્રાણવાયુ પહોંચાડી શકાય. કોરોના સામેની લડતમાં કેન્દ્રએ મોરચો સંભાળેલો છે. રક્ષા મંત્રાલય, રેલવે મંત્રાલય અને ગૃહ મંત્રાલય દિવસ રાત કામમાં લાગેલા છે.

## અમેરિકા કોરોના સામે ઝઝૂમી રહેલા ભારતને મદદ કરશે

વોશિંગ્ટન, તા. ૨૫

ભારતને સતત મદદ માટે આનાકાની કર્યા બાદ ચારેબાજુથી ભીંસ વધતા હવે અમેરિકાના તેવર નરમ પડ્યા છે. અમેરિકાએ કોરોના મહામારીને પહોંચી વળવા માટે ભારત તરફ મદદનો હાથ લાંબો કર્યો છે. અમેરિકાના બે મોટા નેતાઓએ નિવેદન બહાર પાડીને કહ્યું કે આ સંકટમાંથી બહાર કાઢવા માટે તેમનો દેશ ભારતને મદદ કરશે.

અમે ભારતીય જનતા સાથે

અમેરિકાના વિદેશ મંત્રી એન્ટોની બ્લીન્કેને કહ્યું કે 'કોરોના મહામારીના આ ભયાનક સમયમાં અમે ભારતીય જનતાની સાથે છીએ. આ સંકટને પહોંચી વળવા માટે અમે ભારત સરકારના અમારા પાર્ટનર્સ સાથે મળીને કામ કરી રહ્યા છીએ. અમે જલદી ભારતીય જનતા અને હેલ્થ કેર હીરોઝ માટે એડિશનલ સપોર્ટ જાહેર કરીશું.'

ભારતને જલદી સપ્લાય મોકલીશું આ બાજુ અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલીવાને કહ્યું કે 'ભારતમાં કોરોના મહામારીના પ્રકોપથી અમેરિકા ખુબ ચિંતિત છે. આ લડતમાં અમારા ભારતીય પાર્ટનર બહાદુરીથી લડી શકે, તે માટે અમે જલદી વધુ સપ્લાય-સપોર્ટ જારી કરીશું. આ બહુ જલદી થશે.'

પહેલા અમેરિકાએ ના પાડી હતી અત્રે જણાવવાનું કે આ અગાઉ અમેરિકાએ પહેલા કોરોના રસી બનાવવાના કામમાં જરૂરી કાચા માલને ભારત મોકલવાની ના પાડી હતી. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓ અદાર પૂનાવાલાએ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનને ટ્વીટ કરીને કાચો માલ આપવામાં મદદ માંગી હતી. જેના પર શરૂઆતમાં તો અમેરિકાએ આનાકાની કરી. ત્યારબાદ અમેરિકી વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે તેમની પહેલી પ્રાથમિકતા અમેરિકનો છે. આવામાં તેઓ કોઈ બહારના દેશને મદદ કરવાની સ્થિતિમાં નથી.

## ગુજરાતમાં અનેક વિસ્તારમાં હિટવેવ, વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી કેટલાક વિસ્તારોના વાતાવરણ પલટા સાથે સામાન્ય વરસાદ થઈ રહ્યો છે. રાજ્યમાં પવનની દિશા વારંવાર બદલાય રહી છે. જેના કારણે તાપમાનમાં પણ બદલાવ જોવા મળ્યો છે. જોકે રાજ્યમાં ઉત્તર પશ્ચિમના પવન ફૂંકાય રહ્યા છે.જેના કારણે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હિટવેવની આગાહી હવામાન વિભાગે કરી છે. તો સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં સામાન્ય વરસાદની પણ હવામાન વિભાગનું અનુમાન છે.

ઉત્તર પશ્ચિમના પવનો ફૂંકતા તાપમાનમાં વધારો થશે. જેના કારણે પોરબંદર, સાબરકાંઠા અને બનાસકાંઠામાં હિટવેવની આગાહી હવામાન વિભાગે કરી છે. ગરમ પવન ફૂંકાવવાના કારણે તાપમાનમાં પણ ૨થી ૩ ડિગ્રીનો વધારો થશે. તો અમદાવાદ શહેરમાં યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. એટલે અમદાવાદ શહેરમાં ૪૧થી ૪૩ ડિગ્રી આસપાસ તાપમાન નોંધાશે. રાજસ્થાન પર એક સાકલોનીક સર્ક્યુલર સક્રિય થયું છે. તેમજ થન્ડર સ્ટોમ એક્ટિવિટીના કારણે સૌરાષ્ટ્રમાં વીજળીના ચમકારા તેમજ ૪૦ કિલોમીટરની ઝડપે પવન સાથે સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૬થી ૨૯ એપ્રિલ દરમિયાન અમરેલી, ગીર સોમનાથ, રાજકોટ,કચ્છમાં સામાન્ય વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. કોરોનાની મહામારી વચ્ચે બેવડી ઋતુથી લોકો પરેશાન થઈ રહ્યા છે. બપોરે ગરમી અને સાંજે વરસાદ.જો કે કમોસમી વરસાદ અને ભારે પવનને કારણે કેરીના પાકને નુકસાન થઈ રહ્યું છે બીજી બાજુ બેવડી ઋતુના કારણે લોકોના સ્વાસ્થ્ય પર અસર પડી રહી છે. નોંધનીય છે કે, રવિવારે મોરબી જીલ્લામાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. જેથી મોરબી, હળવદ, માળીયા મી.ટંકારામાં માવઠું થયુંહતું. ખેતરોમાં પડેલા તૈયાર પાકો પર પાણી ફરી વળ્યાં હતા.

### પશ્ચિમ બંગાળને ચૂંટણી ભારે પડી

## કોલકાતામાં ટેસ્ટ કરાવી રહેલી દરેક બીજી વ્યક્તિ સંક્રમિત

કલકત્તા, તા. ૨૫

દેશમાં એક તરફ કોરોના સંક્રમણની બીજી લહેર કાળો કહેર વર્તાવી રહી છે ત્યાં પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન પણ ચાલી રહ્યું છે. જોકે હવે બંગાળમાં પણ કોરોના સંક્રમણની સ્થિતિ ગંભીર બની ચૂકી હોવાનું સામે આવ્યું છે. ચૂંટણી પ્રચાર અને રેલીઓમાં વર્તવામાં આવેલી બેદરકારી હવે લોકોને ભારે પડી રહી છે. પ્રચાર દરમિયાન રેલીઓ અને સભાઓમાં કોરોના નિયમોના પાલન ન કરનારા હવે સંક્રમણનો ભોગ બની રહ્યા છે.

જેના પરિણામ સ્વરુપે બંગાળમાં રોજ સામે આવી રહેલા નવા કેસ આગળના દિવસોના રેકોર્ડ તોડી રહ્યા છે. સમગ્ર રાજ્યમાં એટલી ગંભીર સ્થિતિ પેદા થઈ ચૂકી છે કે અહીં દરેક ચોથી વ્યક્તિ કોરોનાથી સંક્રમિત મળી રહ્યો છે. અહીં આરટીપીસીઆર લેબના એક કર્મચારીના જણાવ્યા મુજબ કોલકાતા અને તેની આસપાસના વિસ્તારોમાં ટેસ્ટ કરી રહેલી લેબમાં પોઝિટિવિટીનું પ્રમાણ ૪૫થી ૫૫ ટકા સુધી પહોંચ્યુ છે. એટલે કે ટેસ્ટ કરાવી રહેલી દરેક બીજી વ્યક્તિનો રિપોર્ટ પોઝિટિવ આવી રહ્યો છે.

બંગાળના અન્ય શહેરોમાં પણ પોઝિટિવિટી રેટ ૨૪ ટકાની આસપાસ છે. જે એક મહિના પહેલા પાંચ ટકા હતો. પરંતુ ચૂંટણી પ્રચાર માટે રેલીઓ, સભાઓ અને મતદાનના અનેક તબક્કાઓ બાદ બંગાળમાં સ્થિતિ વકરી ચૂકી છે. અહીંના આરોગ્ય નિષ્ણાંતો પણ આ વાત સ્વીકારી ચૂક્યા છે બંગાળમાં આગામી સમય કપરો રહેશે અને કેસ કાબૂ બહાર હશે. જોકે તેમણે વધી રહેલા કેસ માટે કોરોના વાયરસના મ્યુટેન્ટ વાયરસને જવાબદાર ઠેરવ્યો હતો. જે ઓછા સમયમાં વધુ લોકોને સંક્રમણનો ભોગ બનાવે છે. બંગાળની અનેક કોરોના ટેસ્ટિંગ લેબનું પોઝિટિવિટી પ્રમાણ ૫૦ ટકા સુધી પહોંચ્યુ છે. હાલમાં બંગાળમાં ચૂંટણીનો માહોલ છે. ચૂંટણી પંચે અહીં આઠ તબક્કાઓમાં ચૂંટણીની જાહેરાત કરી હતી. જેમાં અત્યાર સુધી છ તબક્કા માટે મતદાન પૂર્ણ થઈ ચૂક્યુ છે જ્યારે ૩૪ સીટો માટે સાતમા તબક્કાનું મતદાન સોમવારે યોજાશે. દેશમાં કોરોના સંક્રમણની ગંભીર સ્થિતિ બની ચૂકી છે એવામાં અત્યાર સુધી બંગાળમાં ચૂંટણી પ્રચાર માટે રેલીઓ, સભાઓનું મોટા પ્રમાણમાં આયોજન કરવામાં આવી રહ્યું હતું. જેમાં બંગાળની પ્રજા પણ જોશથી ભાગ લઈ રહી હતી. પરંતુ દેશમાં કોરોના સંક્રમણની સ્થિતિને ધ્યાનમાં રાખીને ચૂંટણી આયોગે ગત ગુરુવારે રોડ શો અને રેલીઓ પર પ્રતિબંધ લાદ્યો હતો. બીજી તરફ રાજ્યભરમાં કોરોના પ્રોટોકોલ્સના પાલન પર લોકોની બેદરકારી પણ સામે આવી રહી છે.


